**GJAN080024432020**

દાખલ કર્યા તારીખ : ૧૫/૧૨/૨૦૨૦
રજીસ્ટર્ડ કર્યા તારીખ : ૧૫/૧૨/૨૦૨૦
ફેંસલ કર્યા તારીખ : ૨૧/૦૭/૨૦૨૬
સમય–૦૫ વર્ષ, ૦૭ મહિના, ૦૬ દિવસ

**મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ.ઉમરેઠ**

સમરી દિવાની દાવા નં.૩૧/૨૦૨૦
આંક :

**વાદીઃ**
વિઠ્ઠલભાઇ ડાહ્યાભાઇ ઠાકોર,
ઉ.વ.અ.૬૩, ધંધો–ખેતી,
રહે.રણછોડપુરા તાબે ઓડ,
તા.જી.આણંદ.

**વિરૂધ્ધ**

**પ્રતિવાદીઃ**
(૧) મનુભાઇ શભાઇભાઇ ઠાકોર,
(ચાલતા દાવે ગુજરી ગયેલ હોવાથી આંક–૧૭ મુજબ સુધારો કર્યો)
(૧–૧) અજીતભાઇ મનુભાઇ ઠાકોર,
(૧–૨) ભરતભાઇ મનુભાઇ ઠાકોર,
(૧–૩) મંજુલાબેન મનુભાઇ ઠાકોર,
(૧–૪) ગીતાબેન મનુભાઇ ઠાકોર,
રહે.સ્વામીપુરા તાબે ધૂળેટા,
તા.ઉમરેઠ, જી.આણંદ.

**દાવો : – સી.પી.સી. હુકમ–૩૭ નિયમ–(૧)(૨) મુજબ લેણી રકમ વસુલ લેવા બાબતે.**

વાદી તરફે વિ. વકીલ શ્રી એ.ડી.વાઘેલા
પ્રતિવાદી તરફે એ.ઝેડ.પઠાણ

**-: જજમેન્ટ :-**

(૧) આ કામના વાદીની દાવાની હકીકત એવી છે કે, આ કામના વાદી પાસેથી પ્રતિવાદીએ ઉસીતી મેળવેલ છે. જે તે આ કામના વાદી ધ્વારા દાવા અરજીમાં જણાવ્યા મુજબ પ્રતિવાદીને રૂા.૨,૨૫,૦૦૦/- ની ગીરો કરાર કરી વાદીને ખેતીની જમીન આપશે, તેથી રકમ આપવામાં આવેલ હતી. જે રકમ આપવા છતા પ્રતિવાદીએ જમીન આપેલ નહિ અને રોકડ રકમ આપવા કસુર કરતા વાદીએ પ્રતિવાદી પર હાલનો દાવો લાવેલ છે. આ કામના વાદીએ પ્રતિવાદી પાસેથી દાવા અરજીમાં જણાવેલી વિગતે પોતાની બાકી રહેલ ચઢેલ લેણી રકમ રૂા.૨,૨૫,૦૦૦/- અંકે રૂપીયા બે લાખ પચીસ હજાર પૂરા વાર્ષિક ૧૮% ના વ્યાજ સાથે વસુલ મેળવવા સી.પી.સી. હુકમ–૩૭ નિયમ-(૧)(૨) મુજબ હાલનો દાવો કરેલ છે અને તે મુજબ દાવામાં દાદ માંગેલ છે.

(૨) આ કામે પ્રતિવાદીને દાવામાં હાજર થવા માટે નો સમન્સ (એપેડીક્ષ–બી ફોર્મ નં.૪) મુજબનો કાઢવામાં આવેલ છે અને જે પ્રતિવાદીને યોગ્ય રીતે બજેલો છે, જે આ કામે આંક–૦૫ થી રજૂ છે. ત્યારબાદ પ્રતિવાદી આ કામે તેમના વિદ્વાન વકીલશ્રી મારફત હાજર થયેલા અને આ કામના પ્રતિવાદી દ્વારા લીવ ટુ ડિફેન્ડની અરજી આંક–૩૦ થી રજૂ રાખેલ, જે અરજી અત્રેની કોર્ટ દ્વારા શરતી મંજૂર રાખવામાં આવેલ અને પ્રતિવાદીએ દિન–૩૦માં રૂા.૧,૧૨,૫૦૦/- જમા કરાવવાનો હુકમ કરવામાં આવેલ અને જો પ્રતિવાદી તેમ કરવામાં નિષ્ફળ ગયેથી વાદી કાયદાકીય જોગવાઇને આધિન રહી, હુકમ મેળવવા હક્કદાર રહેશે, તેવો હુકમ કરવામાં આવેલ. જે રકમ આ કામના પ્રતિવાદી દ્વારા જમા કરાવવામાં આવેલ નહિ. જે મુજબ આ કામના વાદી દાવા મુજબની રકમ મેળવવા હક્કદાર ઠરે છે.

(૩) આમ સદર કામના વાદી સી.પી.સી. હુકમ– ૩૭, નિયમ – ૪,૫ અને ૬(એ) મુજબ હુકમ મેળવવા હક્કદાર ઠરે છે અને વાદીના દાવાની હકીકતને સંપૂર્ણપણે સમર્થન મળે છે. વાદીનો દાવો વાદીના દસ્તાવેજી પુરાવાથી પુરવાર થાય છે. આ કામે રજૂ નિશાની– ૩/૧ થી ૩/૪ વાળા દસ્તાવેજ અસલ હોય, જેથી તેને પુરાવામાં વંચાણે લેવામાં આવે છે તથા **આંક–૨૪ થી ૨૭** આપવાનો હુકમ કરવામાં આવે છે, જે નહી માનવા કોઈ કારણ રહેતુ નથી. આમ, પ્રતિવાદીઓની લીવ ટુ ડિફન્ડની અરજી શરતી મંજૂર કરવામાં આવેલ હોય અને પ્રતિવાદી તે મુજબનું વર્તન ન કરે, જેથી વાદી સી.પી.સી.ઓ.૩૭ ના રુલ્સ ૩(૬) મુજબ પ્રતિવાદી સામે માંગ્યા મુજબનું હુકમનામું મેળવવા હકકદાર ઠરે છે.

(૪) આ કામે વાદીએ જે પુરાવો રજુ કરેલ છે. તે દસ્તાવેજી પુરાવા અસલ હોય જેથી તેઓને અનુક્રમે આંક–૨૪ થી આંક–૨૭ આપવામાં આવે છે. આ કામે વાદી દ્વારા જે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ કરવામાં આવેલ તે મુજબ આંક–૨૪ અને ૨૫ થી વાદી અને પ્રતિવાદી વચ્ચે થયેલ અસલ ગીરો કરાર, આંક–૨૬ થી પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ ચેક, આંક–૨૭ થી પ્રતિવાદી દ્વારા આપેલ

ચેક પરત ફરયા અંગેનો રિટર્ન મેમો રજુ કરેલ છે. જે જોતાં આ કામના વાદી પાસેથી પ્રતિવાદીએ રકમ મેળવેલ છે તેવું સ્પષ્ટપણે ફલિત થાય છે. આમ સદરહુ તમામ દસ્તાવેજી પુરાવા જોતા આ કામના વાદી પાસેથી પ્રતિવાદીએ રકમ મેળવેલ હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે. આ કામે વાદી તરફે રજુ થયેલ પુરાવાનું પ્રતિવાદી તરફે ખંડન થયેલ નથી અગરતો વિરૂધ્ધની કોઈ રજુઆત થયેલ નથી. જેથી, સદરહુ પુરાવાને નહીં માનવાને કોઈ કારણ નથી. વાદી દ્વારા રજુ થયેલ આધારો જાહેર દસ્તાવેજો છે, તેઓને પ્રતિવાદી સામે ખોટું કરવાનું કોઈ કારણ નથી. વાદીના દસ્તાવેજી પુરાવાને સમર્થન મળેલ છે. આ કામે પ્રતિવાદીઓની લીવ ટુ ડિફન્ડની અરજી શરતી મંજૂર કરવામાં આવેલ હોય, જે શરત મુજબ સદર કામના પ્રતિવાદીએ વર્તન કરેલ ન હોય, તેથી વાદી દાવા મુજબની રકમ મેળવવા હક્કદાર છે. આમ, ઉપરોકત ચર્ચા તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આ કામના પ્રતિવાદી પાસેથી વાદીની લેણી રકમ નીકળે છે અને આ કામના પ્રતિવાદીએ સદરહુ લેણી રકમ ચૂકવવામાં કસૂર કરેલ હોવાનું સ્પષ્ટ પણે ફલીત થાય છે.

(૫) આ કામે ઉપરોકત ચર્ચા તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં વાદી આ કામના પ્રતિવાદી પાસેથી તેમની ચઢેલ લેણી રકમ મેળવવા હકદાર હોવાનું પુરવાર થાય છે. જે ધ્યાને લેતાં તથા રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં હાલના કામે વાદીના દાવાની હકિકતો સ્પષ્ટપણે પુરવાર થતી હોવાનું જણાઈ આવે છે. આ કામે વાદીએ તેમના દાવાની દાદમાં લેણી રકમ પર દાવો દાખલ કર્યાની તારીખ થી વાર્ષિક ૧૮% ના વ્યાજ સાથે દાવાની રકમ વસુલ મેળવવા માંગણી કરેલ છે. સિવિલ પ્રોસીજર કોડની કલમ–૩૪ મુજબ વાદી પ્રતિવાદી વચ્ચે જો કોઈ કરાર થયેલ હોય તો તે મુજબનું વ્યાજ મેળવવા વાદી હકકદાર છે. પરંતુ, આ કામે વાદી ધ્વારા કરવામાં આવેલ વ્યાજની માંગણી વધુ પડતી જણાય આવતી હોય તે મુજબ વ્યાજ આપવું ન્યાયોચીત જણાતુ નથી. વાદીના તેના કાયદેસરના લેણા પ્રતિવાદીએ નિયત સમયમાં ચુકવેલ ન હોઈ વાદી પ્રવર્તમાન સમયમાં ચાલતા રાષ્ટ્રીયકૃત બેન્કોના દર મુજબ વાર્ષિક ૬% ના સાદા વ્યાજના દરે લેણી રકમ પર દાવા તારીખથી વ્યાજ મેળવવા હકકદાર છે. આમ, ઉપરોકત ચર્ચા, કાયદાની જોગવાઈઓ તથા રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં હાલના કામે વાદીના દાવાની હકિકતો સ્પષ્ટપણે પુરવાર થતી હોવાનું જણાઈ આવે છે. જેથી, ઉપરોકત કારણો તથા નિર્ણય અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ:–**

(૧) વાદીનો દાવો અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીઓએ વાદીની બાકી નિકળતી લેણી રકમ રૂા.૨,૨૫,૦૦૦/– અંકે રૂપીયા બે લાખ પચીસ હજાર પુરા દાવો દાખલ થયાની તારીખથી સદર રકમ વસુલ મળે ત્યાં સુધી વાર્ષિક ૬% ના સાદા વ્યાજના દરે વાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ વાદીને ચુકવી આપવો અને પ્રતિવાદીએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૨૧, માહે જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા : ૨૧/૦૭/૨૦૨૬ (શાલિની એસ. બારઠ)

સ્થળ : ઉમરેઠ પ્રિન્સિપાલ સિવિલ જજ, ઉમરેઠ,

જી.જે. ૦૧૫૭૩

S.B.ZALA-Guj.Steno.